રાજ્ય સરકારના વર્ગ–૩ અને ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી થતી નિમણૂકોનો ફીકસ પગાર સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
પરિપત્ર ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૩૦, ઓકટોબર, ૨૦૧૦

**સંદર્ભઃ–**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪/૬/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક–સીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫

(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

**પરિપત્રઃ–**

રાજ્ય સરકારના બિનઆયોજીત ખર્ચમાં ઘટાડો કરવાના અભિગમરૂપે રાજ્ય સરકારની વર્ગ–૩ અને ૪ સંવર્ગની તમામ જગ્યાઓ સંદર્ભ ક્રમાંક–(૧) અને (૨) માં દર્શાવેલ ઠરાવોથી માસિક ફીકસ પગારથી પાંચ વર્ષના સમયગાળા માટે ભરતીથી નિમણૂક કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક–(૩) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક મેળવવાની શરતો અને બોલીઓ નકકી કરવામાં આવેલ છે. આ માસિક ફીકસ પગારના દરોમાં સંદર્ભ ક્રમાંક–(૪) માં દર્શાવેલ ઠરાવથી વધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

સંદર્ભ ક્રમાંક–(૪) માં દર્શાવેલ ઠરાવમાંના માસિક ફીકસ પગારના દરોનો વધારો સંદર્ભ ક્રમાંક–(૧) અને (૨) માં દર્શાવેલ ઠરાવ મુજબ રાજ્ય સરકારની વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ ઉપર પ્રથમ પાંચ વર્ષના સમયગાળા માટે નિમણૂક મેળવનાર ઉમેદવારો માટે જ લાગુ પાડવાનો છે. પરંતુ કેટલાક વિભાગ/ખાતા દ્વારા ૧૧ માસના કરારના ધોરણે કરવામાં આવતી નિમણૂકવાળા ઉમેદવારોને પણ ઉકત સંદર્ભ ક્રમાંક–(૪)માં દર્શાવેલ ઠરાવ મુજબ વધારેલ માસિક ફીકસ પગારના દરો લાગુ પાડવામાં આવ્યા હોવાનું અત્રેના ધ્યાન પર આવેલ છે, જે ઉચિત જણાતું નથી. આ અંગે સચિવાલયના તમામ વહીવટી વિભાગો તેમજ વિભાગો હસ્તકની સંલગ્ન કચેરીઓ / બોર્ડ / નિગમ અને સહાયક

મેળવતી સંસ્થાઓ સહિતની તમામ કચેરીઓમાં આવી ૧૧ માસ માટેની કરાર આધારિત નિમણૂકો માટે નાણા વિભાગ તરફથી જે ફીકસ પગારથી નિમણૂકની મંજુરી અપાયેલ હોય તે મુજબ જ ફીકસ પગાર ચૂકવવાનો રહે છે. તા.૨૯/૪/૧૦ના સંદર્ભ ક્રમાંક–(૪)માં દર્શાવેલા ઠરાવથી ફીકસ પગારના દરોમાં જે વધારો કરેલ છે તે નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના સંદર્ભ ક્રમાંક–(૧)માં દર્શાવેલ ઠરાવ મુજબ ફીકસ પગારથી જે નિમણૂકો થયેલ છે તે કિસ્સાઓમાં જ લાગુ પાડવાનો છે. સબબ જો કોઈ વિભાગ/ખાતાના વડા કે કચેરીએ આવી ૧૧ માસની કરાર આધારિત નિમણૂકોના કેસોમાં તા.૨૯/૪/૨૦૧૦ના નાણા વિભાગના ઉપર દર્શાવેલા ઠરાવ મુજબના દર ચૂકવવા આદેશ કરેલા હોય તો તે તાત્કાલિક રીતે રદ કરવા અને સંબંધિતને વધારે ચૂકવાયેલ રકમ પરત વસૂલ કરવા આથી સચિવાલયના સર્વે વિભાગ/ખાતા/બોર્ડ/કોર્પોરેશન/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને જણાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

- ❖ માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ❖ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➤ માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➤ માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ➤ સચિવાલયના સર્વે વિભાગો.
- ➤ ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- ➤ સર્વે કલેકટરશ્રીઓ.
- ➤ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- ➤ તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનીવર્સિટીઓ અને જાહેર સાહસો.
- ➤ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ.
- ➤ એકઝીક્યુટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, "GSWAN" પર પ્રસિધ્ધિ અર્થે.
- ➤ નાણા વિભાગની તમામ શાખાઓ.
- ➤ પસંદગી ફાઈલ (ઝ.૧) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➤ સિલેક્ટ ફાઈલ.

---

❖ પત્ર દ્વારા.

—o—